શ્રી ધર્મનાથાયનમઃ

શ્રી પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષ-જગચ્ચન્દ્રસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ

# સમ્યક્ત્વ સહિત બારવ્રત

## ટુંકી સમજ તથા પ્રતિજ્ઞાપત્ર



પ્રેરક

પ.પૂ.આ.ભ.શ્રીમદ્વિજય
અભયચન્દ્રસૂરીશ્વરજી મ.સા.

સૌજન્ય

શ્રી ધર્મનાથ પો.હે.જૈનનગર જૈન સંઘ

પાલડી-અમદાવાદ-૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧ આ પ્રતિજ્ઞાપત્ર બે-ચાર દિવસે અઠવાડીએ કે છેવટે મહિને ૧ વાર અવશ્ય વાંચવો અને વ્રત મર્યાદાના ઉપયોગવાળા બની રહેવું.

૨ આ પત્ર સાચવીને સંભાળી રાખવું.

૩ સમજ ફેર થઈ હોય તો તથા પ્રતિજ્ઞા ભંગ કે અતિચારથી બચવા કે ભાવી વધુ લાભ હેતુ ગુરૂ સાક્ષીએ સુધારવાની છુટ રાખું છું.

૪ ઉપરાના વ્રતો પુરા ન લઈ શકાય તો ઓછાવત્તા પણ લઈ શકાશે. ન સમજાય તે ગુરૂમહારાજ પાસે સમજી લેવું.

૫ અતિચાર (મોટા) વાંચવા, સમજવા, ગોખવા પ્રયત્ન કરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સમ્યક્ત્વ સહિત બારવ્રત : ટુંકી સમજ તથા પ્રતિજ્ઞાપત્ર

## સર્વવ્રતમૂળ સમ્યક્ત્વ

પ્રતિજ્ઞા : વીતરાગ સર્વજ્ઞ શ્રીઅરિહંત પરમાત્મા એજ સુદેવ, પંચમહાવ્રતધારી શાસ્ત્રાનુસારી શુધ્ધ ઉપદેશક અને ગુરૂ આજ્ઞાવાળા સાધુ ભગવંત એજ સુગુરુ, જૈન ધર્મ એજ સુધર્મ આ ત્રણ જ ભવોદ્ધારક અને કલ્યાણદાયક તરીકે મારે માન્ય છે. વંદનીય છે, પૂજનીય છે.

કરણી : પ્રભુ દર્શન, પૂજા રોજ કરવાં - દર સાલ સાત ક્ષેત્રમાં.............. ખર્ચ કરીશ.

તીર્થયાત્રા-નવકારશી-નવકાર જાપ................................આદિ કરીશ.

સાવધાની : ધર્મના સોગન, કુદેવ કુગુરુની માનતા, પ્રશંસા, નોરતા વિગેરે મિથ્યાપર્વ ન માનવા (-આચરવા). ગોત્રોજ આદિની જયણા

...........................................................................................

...........................................................................................



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧લુ વ્રત - સ્થૂલ હિંસાત્યાગ વ્રત

**પ્રતિજ્ઞા :** હાલતા ચાલતા નિરપરાધી જીવને જાણી જોઈને નિરપેક્ષપણે (વિના કારણે) મારું નહિં.

**સાવધાની :** પ્રાણીના આકારનાં રમકડાં ન ખાવા, ચિત્ર ન ફાડવા, અળગળ પાણી ન વાપરવું, એઠાં ગ્લાસ ઘડા વગેરેમાં ન નાખવા લુસીને મૂકવા વગેરે

..........................................................................................

..........................................................................................

## ૨જું વ્રત - સ્થૂલ અસત્ય ત્યાગ વ્રત

**પ્રતિજ્ઞા :**કોઈને મોટું નુકસાન થાચ તેવું જૂઠ બોલીશ નહિં. કન્યા, મુરતિયો, નોકર, દાસી, પશુ અંગે તથા જમીન, મકાન વાડી અંગે જુઠ ન  બોલવું. કોઈની થાપણ ઓળવીશ નહિ. જૂઠી સાક્ષી નહિં ભરું

**સાવધાની :** મર્મવચન, ગુપ્તવાત, ગુપ્તદોષ, જુઠની સલાહ, ધર્મઅંતરાય થાચ તેવું ન બોલવું.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરણી : વિચારીને બોલવું, મૌન જાળવવું વિગેરે.

..........................................................................................

..........................................................................................

## ૩જું વ્રત - સ્થૂલ ચોરીત્યાગ વ્રત

**પ્રતિજ્ઞા** :ખીસા કાંપવાં, ગઠડી ઉઠાવવી, લુંટ, ધન માલની તફડંચી, ભાગીદારિમાં ઘાલમેલ, ચોરીની ભાગીદારી, મોટી ઠગાઈ વગેરે કરુ નહિં, ટીકીટ, જકાત, પાસ વગેરેમાં ચોરી કરું નહિં

**સાવધાની** : ચોરીનો માલ કે રસ્તે પડી કે અણ માલીકીની ચીજ લેવી રાખવી નહિં વગેરે.

**જયણા** : અસહ્ય વેરાની મર્યાદામાં ન આવવા કરવું પડે તેની જયણાં કે કોઈની નોકરીમાં કરવું પડે તેની જયણાં

..........................................................................................

..........................................................................................



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪થું વ્રત - પરસ્ત્રી ત્યાગ વ્રત

**પ્રતિજ્ઞા :** પોતાની પત્નીથી અન્ય સ્ત્રીના કાયિક ભોગનો ત્યાગ, સ્ત્રીઓ માટે પણ પરપુરુષનો ત્યાગ, દેવદેવી કે સજાતીય સાથે ભોગનો ત્યાગ, હસ્તકર્મ આદિનો ત્યાગ

**સાવધાની :** પરસ્ત્રી સાથે એકાંતમાં ન રહેવું, અબ્રહ્મોત્તેજક ચિત્ર ન જોવાં, પુસ્તક ન વાંચવા, કૃત્રિમસાધન ત્યાગ વગેરે.

**કરણી :** દ્રષ્ટિ જયાં ત્યાં ન નાંખતા નીચી દ્રષ્ટિએ જવું આવવું, બ્રહ્મચારી સ્થૂલભદ્રસ્વામી વગેરેનાં ચરિત્ર વાંચવા, વિચારવાં ૫-૧૦ તિથિ, અટ્ઠાઈ, પર્વ તિથિ તીર્થમાં અને એ સિવાય પણ વર્ષે.........................દિવસ બ્રહ્મચર્ય પાળવું.

....................................................................................

....................................................................................

## ૫ મું વ્રત પરિગ્રહપરિમાણ વ્રત

**પ્રતિજ્ઞા :** મકાન, દુકાન જમીન, વાડી, યંત્રો, દાગીના, સોનું, ચાંદી, ઝવેરાત, માલમિલકત, ફર્નીચર-વાસણ કુસણ વગેરે મલીને દેવું બાદ કરીને આજની કીમત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણે રૂા.................. થી વધારે પોતાની એકલાની માલીકી તરીકે રાખું નહીં.

.જયણા : મોંઘવારી ખૂબ વધી જાય તો વ્રતનો આશય સાચવી પરિમાણ ગોઠવવાની જયણાં. સ્વકીર્તિ નિરપેક્ષપણે શાસનના કાર્ય વિશેષ .............. માટે જયણાં.

સાવધાની : એકાએક અનાયાસ ધન સંપતિ મલી આવતાં તરત ધર્મકાર્ય-સત્કાર્યમાં ખર્ચી ધારેલું માપ જાળવવું.

..........................................................................................

..........................................................................................

## ૬ઠ્ઠું દિશા પરિણામવ્રત

પ્રતિજ્ઞા : ભારતથી વધુ આગળ જવું નહિં.

જયણા : ધર્મકાર્ય કે ઓષધ ઉપચાર માટે છુટ જયણાં.

..........................................................................................

..........................................................................................



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૭ મું ભોગ-ઉપભોગ પરિમાણ વ્રત

નીચે મુજબ ૪ મર્યાદાઓ-પ્રતિજ્ઞા કરું છું.

**પ્રતિજ્ઞા :** ૧). આગળ જણાવેલ ૨૨ અભક્ષ્યો, ૩૨ અનંતકાયનો ત્યાગ.

**પ્રતિજ્ઞા :** ૨). નીચે દર્શાવેલ અનાજ, શાકભાજી, ફ્રુટ-મેવા સીવાય બીજાનો ત્યાગ,

**જયણા :** ભૂલમાં કે દવા આદિમાં આવે તેની જયણા.

**પ્રતિજ્ઞા :** ૩). દર એક દિવસ માટે નીચે જણાવેલ મુજબ થી વધુ ઉપયોગ મારા પોતાના માટે નહિં કરું.

૧. સચિત (સંખ્યા નામ)..........................................

૨. દ્રવ્ય સંખ્યા ..........................................

૩. વિગઈ (સંખ્યા)..........................................

૪. પગરખાં (જોડ)..........................................

૫. તંબોલ-મુખવાસ (વજન)..........................................

૬. વસ્ત્ર (સંખ્યા)..........................................

૭. સુંઘવાનું (વજન)..........................................



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮. વાહન (સંખ્યા) ...................................................

૯. શય્યા (ખુરશી પલંગ આદિ સંખ્યા).......................................

૧૦. વિલેપન (બામવિગેરે) વજન.........................................

૧૧. દિવસના મૈથુનત્યાગ..................... રાત્રી..............................

૧૨. દિશાગમન : (કિ.મી.)..................................................

૧૩. સ્નાન (સંખ્યા).........................................................

૧૪.ભાતપાણી (વજન)......................................................

૧૫. પૃથ્વીકાય-માટી વગેરે (વજન)..........................................

૧૬. અપ્કાય-પાણી (બાલટી)..................................................

૧૭. તેઉકાય-ચૂલા.................દીવા.........................................

૧૮. વાયુકાય-હીચકા........પંખા........અન્ય.................................

૧૯. વનસ્પતિ-કાય (વજન).....................................................

૨૦. અસી(સુડી, ચાકુ, કાતર, સોય, ધોકા, ઘંટી, ખાયણી વિગેરે સંખ્યા).............

૨૧. મશી (પેન્સિલ, પેન, ખડીયા વગેરે સંખ્યા)..................................

૨૨. કૃષી (કોશ, કુહાડી વગેરે સંખ્યા)...........................................



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિજ્ઞા : ૪). નીચે લખ્યા પંદર કર્મદાનના ધંધાનો ત્યાગ છતાં કોઈ ધંધો હોય તો અમુક ......................................................ટાઈમમાં છોડી દેવાનો પ્રયત્ન કરીશ.

૧) અંગારકર્મ-ભઠ્ઠીથી બનાવવાનો વેપાર. ૨) વનકર્મ-વાડી વગેરેનો ધંધો. ૩) વાહન બનાવવા-વેચાણનો ધંધો. ૪) વાહન ભાડે ફેરવવાનો-ભાડે આપવાનો ધંધો. ૫)પથ્થર આદિ ખોદાવવાનો ધંધો. ૬) દંતવાણીજય-હાથીદાંત, મોતી, ચામર, ચામડુ વગેરેનો વેપાર.
૭) લાખ, સાબુ, ગુંદર ખાર વગેરેનો ધંધો. ૮) રસવાણિજય-માંસ, મંદિરા, ઘી તેલ આદિ પ્રવાહીનો વેપાર. ૯) પંખીના વાળ, ઉન વગેરેનો ધંધો. ૧૦) અફીણ, ઝેર, નશાવાલી વસ્તુ, ઝેરી દવાઓ શસ્ત્રો, દિવાસલી, ગર્ભપાત આદિના સાધન વગેરેનો વેપાર. ૧૧) મીલ, જીન, ઘાણી ઘંટીથી ચલાવાતા ધંધા, યંત્રો બનવવા-વેચવાનો ધંધો. ૧૨) પશુને ખસી કરવા, ડામ દેવા. ૧૩)વન બાળવા ઉખડવાનો ધંધો. ૧૪) જલશોષણ - કુવા તળાવ, સુકવવા, પુરાવવા વગેરેનો ધંધો. ૧૫)આંકવાનો વેપાર કે રમત અર્થે પશુ પંખી પાળવાનો ધંધો, વાઘરી, વેશ્યા, ચોર વગેરે પોષવાનો ધંધો હું કરું નહિં.

**અવશ્ય ત્યાજય ૨૨ અભક્ષ્ય આદિ** - મધ, માસ, મંદિરા, માખણ, બરફ, કરા, કાચીમાટી, ઝેર, બહુબીજ રીંગણા, (અંજીર, ખસખસ આદિ) તુચ્છ ફલ-બોર વગેર,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજાણ્યા ફલ, બોળઅથાણું વિદલ (કાચા દુધ-દહીં-છાસ સાથે કઠોળ), ચલિતરસ, વાસી, રાત્રીભોજન, કોઠીબડા, ઉંબરો, પ્લક્ષ, પીપલી, વડનાં ફલ, બે રાત્રી લંઘેલા દહીં-છાસ-છાસની વસ્તુ, મૂળાનાં પાંચ અંગ, આર્દ્રા પછી કેરી, ફાગણ ચોમાસી થી કોથમરી, અળવી પાન વગેરે ભાજી, તલ, ખારેક, ખજૂર, કાલાતીત પકવાન્ન વગેરે અભક્ષ્યનો ત્યાગ.

**અવશ્ય ત્યાજ્ય ૩૨ અનંતકાય :**બટાટા, લસણ, કાંદા, સુરણ, શકરિયા, ગાજર, આદુ, લીલી હળદર, કુણી આંબલી મૂળા, રતાળુ, નવાઅકુંર, ફણગાવેલા ધાન્ય, ભૂમિફોડા, બિલાડીના ટોપ........... વગેરે અનંતકાયનો ત્યાગ.

**અનાજ :-**કુર, ઘઉં, ચોખા, જાર, જવ, બાજરો, બંટી, મકાઈ, અડદ, કળથી, ચણા, ચોળા, તુવેર, મસુર, મગ, મઠ, વાલ, વટાણા ને બીજા ધાન્ય......................

કુલ.....................................................................સંખ્યા

**શાક :** કારેલા, કાકડી, કલિંગડા, કેરડા, કોકુ, કંકોડા, ગીલાડો, ગવાર, ગલકા, ટામેટા, ટીન્સી, તુરીયા, દુધી, દોડી, પરવર, ભીંડા, મરચા, મોગરી, મોગરા, લીંબુ, વાલોળ, સરગવા, સાંગરી ચોળાફળી,

મગફળી.......................કુલ..........................સંખ્યા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાજી પાલો :** અજમોદ, અડવી, અરકુસી, આલુના પાન, કોથમરી, સોનાપુરી, તુલસી, તાંદરજો, નાગરવેલના પાન, ફુદીનો, મેથીની ભાજી, લીમડાના પાન, લોણીના ભાજી, સુવાના ભાજી.

**ફુલ :** અનાનસ, આંબળા, કરમદા, કેરી, ચીભડા, ગુંદા, ચીકુ, જમરુખ, જાંબુ, તરબૂચ, દાડમ, દ્રાક્ષ, નારંગી, મોસંબી, સંતરા, રાયણ, સફરજન, સીતાફલ, શેરડી, શ્રીફલ ........................ફુલ ...................જાતનાં ફુલ

**મેવો :** અખરોટ, અંગુર, કાજુ, ખજુર, ખારેક, ચારોળી, જલદાલુ, પીસ્તા, બદામ, સોપારી, વરરિયાલી.........ફુલ........................મેવા

**મસાલા :** નીમક, મરચું, મરી, ધાણા, રાઈ, મેથી, સુવા, અજમો, સુંઠ, પીપરીમૂલ, સરસવ, તલ, જીરૂ...............ફુલ.................મસાલા

**નોટ :** ઉપરના અનાજ શાક વગેરેમાં બીન જરૂરી ચોકડી મારી બાદ કરો અને ઉમેરવાના હોય તો તે નામલખી આંકડો નક્કી કરી લખો.

..............................................................................

..............................................................................



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૮મું અનર્થદંડ વિરમણ વ્રત

**પ્રતિજ્ઞા :** શિકાર, કત્લ, ફાંસી, રેસ, હોલી, યુદ્ધ, કુસ્તી. સિનેમા, નાટક, સરકસ, મોહરમ, તાબૂત, આતશબાજી વગેરે ચાહિને જોઉં નહિ, શોખના સ્નાન, રમી, જુગાર, નવલિકાવાંચન કરવું નહિં. દુર્ધ્યાન થઈ જાય તો........ દંડ, મોટો પ્રમાદ થઈ જાય તો....... દંડ શોખ માટે, પશુ પંખી પાલુ નહિં, અધિકરણ (જીવઘાતનાં સાધન) છરી, ચાકુ, ઘંટી જેવા જેને તેને આપું નહિ, તેમ પાપ થાય તેવી સલાહ પણ ન આપું. જેમકે પાણી માટે પંપ મુકાવીદ્યોને, રકમ છે તો કારખાનું ખોલોને ટાઈમ છે તો કાશ્મિર ફરી આવોને તેવી સલાહ પણ ન આપું.

..........................................................................................

..........................................................................................


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૯,૧૦,૧૧,૧૨ મું ચાર શિક્ષા વ્રત

**પ્રતિજ્ઞા :** ૯).સામાયિક વર્ષમાં.........કરીશ.

......................................................................................

૧૦).દેસાવકાસિક વર્ષમાં.........કરીશ.

......................................................................................

૧૧).પોષધ વર્ષમાં ......કરીશ.

......................................................................................

૧૨).અતિથિ સંવિભાગ- (અહોરાત્ર ઉપવાસ પૌષધના પારણે અતિથિ= સાધુ, છેવટે સાધર્મિકને જ વહોરાવું વપરાવું તે જ દ્રવ્યોથી) એકાસણું વર્ષમાં...........કરીશ.

......................................................................................

......................................................................................

......................................................................................



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્રત લેનારનું નામ ______________________________

ઉંમર ______________________________

વ્રત પ્રેરક ગુરુ મ.સા. ______________________________

વ્રતદાતા ગુરુ ભગવંત ______________________________

વ્રતદિન ______________________________

વ્રત સ્થાન ______________________________

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભુવનભાનુસૂરિ જન્મ શતાબ્દી

પં. પદ્મવિજયજી સ્વર્ગારોહણ અર્ધશતાબ્દી

Printing : Shree Navkar Consultancy
M. : 9879370451

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org